ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૫/૨૨-૨૩/ ૧૧૧ તારીખ : 17 MAY 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦૫/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી લક્ષ્મીધર મુર્તુઝા જકયુદીનભાઈ,**
**અમન પાર્ક, ૨૯,**
**મદીના મસ્જીદ પાછળ,**
**ભાદ્રોડ ઝાંપા પાછળ,**
**મું. મહુવા,**
**જી.ભાવનગર.**

**મો.નં-૯૫૭૪૯ ૯૦૫૫૨**

**વિષય : ઘર વપરાશના વિજ કનેકશનના એવરેજ બિલીગ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૬/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૨૨-૨૩/e-૧૩૭૪૩૬ તા.૨૧/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૨/૨૨-૨૩/૭૪૫ તા.૧૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ <u>તા.૨૮/૦૪/૨૦૨૩</u> નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, **મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૫/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી લક્ષ્મીધર મુર્તુઝા જકયુદીનભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૮/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી લક્ષ્મીધર મુર્તુઝા જંકયુદીનભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.ઓફ એકા., વિભાગીય કચેરી, મહુવા. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી લક્ષ્મીધર મુર્તુઝા જકયુદીનભાઈ, મું.મહુવા, જી.ભાવનગરની ઘર વપરાશના વિજ કનેકશનના એવરેજ બિલીંગ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૫/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૨૨–૨૩/e-૧૩૭૪૩૬ તા.૨૧/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૮/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીશ્રી લક્ષ્મીધર મુર્તુઝા જકયુદીનભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.ઓફ એકા, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદીશ્રી લક્ષ્મીધર મુર્તુઝા જકયુદીનભાઈ, અમનપાર્ક ૨૯, મદીના મસ્જીદ પાછળ, ભાદ્રોડ ઝાંપા, તા. મહુવા, જી.ભાવનગર રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારો વિજ ગ્રાહક નં–૩૭૧૦૧/૫૯૫૬૩/૪ છે. અમારા વિજ કનેકશનનું મીટર રીડરે ઓકટો–નવે–૨૦૨૨ નું બિલ મીટર રીડરે મીટરના આંકડા કપાઈ જવાથી તા.૧૭/૧૧/૨૦૨૨ ના રોજ ફોલ્ટીનું ૩૭૦ રીડીંગ નું એવરેજ બિલ રૂા.૨૭૦૫/૮૦ નું બિલ આપેલ.

૧.૩ ત્યારબાદ, ડિસે–જાન્યુ–૨૦૨૩ નું મીટર રીડરે એફ કાઢીને ૫૨૯ યુનિટનું તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ બિલ આપેલ તે અમોએ ભરી આપેલ. ત્યારબાદ, તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ પ્રફોર્મા–૧૫ નંબર ૪૫૮૭૯ થી

મહુવા ટાઉન કચેરી દ્વારા મીટર બદલવામાં આવેલ અને સદર મીટર લેબમાં તપાસ કરતા મીટર ફોલ્ટી જણાવેલ છે.

૧.૪ આમ, અમોએ ભરેલ એવરેજ બિલના નાણાં બિલમાં જમા આપવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહકનું નામ – શ્રી તસ્મીનબેન જકયુદીન લક્ષ્મીધર

ગ્રાહક નં–૩૭૧૦૧/૫૯૫૬૩/૪

કેટેગરી – RGPU/1.5

રીલીઝ તારીખ – ૨૧/૧૨/૨૦૧૭

૨.૨ વાદીનું સદર થ્રી ફેઈઝ વિજ કનેકશન તા.૨૧/૧૨/૨૦૧૭ ના રોજ રીલીઝ કરેલ છે. ત્યારે તેમના વિજ કનેકશન નો મીટર નં– ROLEX03682034 હતો.

૨.૩ વાદીને ઓકટો–૨૦૨૨ નું ૪૦૦ યુનિટનું બિલ આપેલ ત્યારબાદ મીટર રીડર દ્વારા ડિસે–૨૦૨૨ માં મીટરના આંકડા કપાઈ જવાથી તા.૧૭/૧૧/૨૦૨૨ ના રોજ ફોલ્ટી નું ૩૭૦ રીડીગનું એવરેજ બિલ રૂ.૨૭૦૫/૩૮ નું બિલ આપેલ. ત્યારબાદ, ડિસેમ્બર–જાન્યુઆરી–૨૦૨૩ નું મીટર રીડરે એફ કાઢીને ૫૨૯ યુનિટનું તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ રૂ.૪૦૮૨/૪૪ નું બિલ આપેલ. જે વાદીએ તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ ભરી આપેલ.

૨.૪ ત્યારબાદ, સદર મીટર તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ પ્રફોર્મા–૧૫ નંબર ૪૫૮૮૯ થી મહુવા ટાઉન કચેરી દ્વારા મીટર બદલવામાં આવેલ અને સદર મીટરનું તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ લેબમાં તપાસણી કરેલ અને સદર મીટર ફોલ્ટી આવેલ છે અને સદર ફોલ્ટી મીટરની સીસ્ટમમાં તે જ દિવસે મીટર ચેઈન્જ ની એન્ટ્રી આપેલ અને સદર વિજ કનેકશનનું એસેસમેન્ટ થાય તે પહેલા ફોલ્ટીનું એવરેજ બિલ બનાવેલ છે.

૨.૫ આમ, વાદીને તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ ૫૨૯ યુનિટનું જે બિલ આપવામાં આવેલ છે જે ખરેખર સીસ્ટમમાં તેનું એવરેજ ૩૭૦ યુનિટનું રૂ.૨૭૬૦/– નું બિલ બનેલ છે. જેથી, વાદીને ફેબ્રુઆરી–માર્ચ–૨૦૨૩ ના બિલમાં રૂ.૧૩૩૨/૦૯ રકમ જમા આવેલ છે.

૨.૬ આમ, વાદીને સદર ફરીયાદનું નિરાકરણ લાવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી લક્ષ્મીધર મુર્તુઝા જકયુદીન દ્વારા તેમના ગ્રાહક નં–૩૭૧૦૧/૫૯૫૬૫/૪ RGPU કનેકશનમાં પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ એવરેજ બિલ સામે વાંધો ઉપસ્થિત થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ રૂબરૂ સુનાવણી તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ બંને પક્ષકારોએ હાજર રહી પોતાની રજુઆતો કરેલ છે.

Consumer Grievances Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૩ રજૂ થયેલ રેકર્ડ અને મૌખિક રજૂઆતો ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ ના મીટર રીડર દ્વારા વાદીને ઓક્ટો–નવે–૨૦૨૨ નું ફોલ્ટીનું ૩૭૦ યુનિટનું એવરેજ બિલ આપેલ. જયારે, ડિસે–જાન્યુ–૨૦૨૩ માં એફ કાઢીને ૫૨૯ યુનિટનું બિલ તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ આપેલ છે.

૩.૪ આ અંગે પ્રતિવાદી દ્વારા તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ વાદી નું મીટર બદલીને લેબ ટેસ્ટ કરાવતા તે OK માલૂમ પડેલ છે. દરમ્યાનમાં મીટર ચેન્જની એન્ટ્રી અને એસેસમેન્ટ થાય તે પહેલા ફોલ્ટીનું એવરેજ બિલ વાદીને આપેલ હતું.

૩.૫ ઉપરોક્ત બાબતનું પ્રતિવાદીને ધ્યાને આવતા ૫૨૯ યુનિટ ના બદલે સીસ્ટમના ખરેખર ૩૭૦ યુનિટનું એવરેજ બિલ બનાવી તફાવતની રકમ રૂ.૧૩૩૨/૦૯ વાદીના ખાતામાં ફેબ્રુ–માર્ચ–૨૦૨૩ ના બિલમાં જમા આપેલ છે. તથા આજરોજ સુનાવણીમાં તે બાબત વાદીને સમજાવવામાં આવેલ છે.

૩.૬ આમ, પ્રતિવાદીએ કરેલ કાર્યવાહી યોગ્ય માલૂમ પડે છે. વાદીને રકમ જમા આપેલ હોય, કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૮/૦૪/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar